મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૬ ટકા

ગાંધીનગર તાપમાન

શ્રાવણ માસમાં સાચી ભકિત

સમગ્ર સૃષ્ટિના કલ્યાણ અર્થે ભગવાન ભોળાનાથે હળાહળ ઝેર ગટગટાવ્યું હતું. એજ ભોળાનાથ કે જેમના તાંડવથી ત્રણે લોક ધ્રુજી ઉઠયા હતા અને એજ ભોળાનાથ જેમને નૃત્યના દેવતા 'નટરાજ' તરીકે પૂજવામાં આવે છે. અર્ધનારેશ્વરના સ્વરૂપે વિશ્વને લિંગભેદથી મુકત થવાનો સંદેશ આપનાર ભોળાનાથની મહિમા ગાવાનો પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે. અંગે ભભૂત ચોળીને કંદમૂળનું ભોજન આરોગી 'વનવાસી' જીવન થકી સાદાઈનો મહિમા ઉગર કરતા શિવજીને શ્રાવણમાસમાં દૂધનો અભિષેક કરવામાં આવે છે પરંતુ તે પાછળનો મર્મ સમજયા વિના દેખાદેખીમાં દૂધનો વેડફાટ કરવો શું ખરેખર ભોળાનાથને ગમે?? જો કે હવે જાગૃત ભકતો દ્વારા પ્રતિક અભિષેક કરીને બાકીનું દૂધ જરૂરિયાતમંદોને પહોંચાડી ભોળાનાથને સાચા અર્થમાં પ્રસન્ન કરવાના પ્રયાસ થવા લાગ્યા છે. ગાંધીનગરમાં પણ આવા જ એક ભકતે શહેરના વિવિધ મંદિરોની આસપાસ ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદોના બાળકોને અંદાજે ૨૫ લીટર જેટલા દૂધનું વિતરણ કરી અનોખી શ્રધ્ધા-ભકિતના દર્શન કરાવ્યા હતા.

પવિત્ર શ્રાવણ માસે મંદિરોમાં હિંડોળા પર્વ ચાલી રહ્યા છે અને ભાવિકો વિવિધ મનોરમ્ય શણગાર સુશોભન થકી પ્રભુને હિંડોળે ઝુલાવવાના મનોરથ માણી રહ્યા છે. ગાંધીનગરના સેકટર-૨૩માં સ્વામિનારાયણ મંદિર ખાતે નવતર પ્રયોગ રૂપે 'પોપકોર્ન'ના હિંડોળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફુલનો આકાર ધરાવતી પોપકોર્ન વડે આકર્ષક હિંડોળા તૈયાર કરાયા હતા.

@ગાંધીનગર

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે શ્રાવણ સુદ-૧૧ના રોજ લીલી ઘટાના હિંડોળામાં સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન ઠાકોરજીને ઝુલાવવામાં આવશે.

● શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે ગુંફન કલાના કલાત્મક હિંડોળામાં સાંજે ૫ થી ૮ કલાક દરમિયાન ઠાકોરજીને ઝુલાવવામાં આવશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના બંકીમભાઈ મહેતા પ્લોટ નં. ૬૬૮/૨ પંચવટી પાર્ક, સે-૨૩ ખાતે કરાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ ગાંધીનગર દ્વારા રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન શિવ આરાધના પૂજાપાઠ પોપટલાલ રાવલ પ્લોટ નં. કે-૫, ગ્રીનસીટી ખાતે કરાશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩-સીના મધુબેન કે. કડીકરના સુરમધુર કંઠે આનંદનો ગરબો ભારતીબેન એન. પટેલ, સેકટર-૨-ડી પ્લોટ નં. ૧૦૦૮/૧ના નિવાસસ્થાને બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.

રણાસણ સર્કલથી ૪૩ બોટલ દારૂ સાથે ઈસમની ધરપકડ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લાની ડભોડા પોલીસે કોમ્બીંગ નાઈટ દરમિયાન રણાસણ સર્કલ નજીકથી એક ઈસમને ૪૩ બોટલ વિદેશી દારૂ, મોબાઈલ અને રોકડ રકમ મળી કુલ રૂ. ૩૩,૧૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડી ડભોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ અસરકારક બને તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેવા ઉમદા હેતુથી ગતરોજ જિલ્લા પોલીસ વડા દ્વારા કોમ્બીંગ નાઈટ જાહેર કરવામાં આવી હતી. જેને પગલે ડભોડા પોલીસ મથકના પીએસઆઈ એચ.જી. દેસાઈ તેમજ અ.હે.કો. વિશાલ સિંહ બબાસિંહ, અશોકકુમાર નાથુભાઈ, ગાડીમાં નાઈટ રાઉન્ડમાં રવાના થયા હતા.તે દરમિયાન લવારપુર ચોકડી થઈ રણાસણ સકલ નજીક શ્યામ પેલેસ હોટલ પાસે પહોંચ્યા હતા. તે દરમિયાન ને.હા. ૮ પર માર્ગ પર એક ઈસમની પાસે બે થેલા ભરેલા નજરે પડ્યા હતા.પોલીસને શંકાસ્પદ લાગતા ઈસમનું નામ પુછતા તેણે પોતાનું નામ ગણેશસિંગ રામસીંગ રાજપુત રહે. ૪ મારવાડીની ચાલી બજરંગ આશ્રમ પાછળ, નરોડા રોડ સૈજપુર બોઘા અમદાવાદ હોવાનું જણાવ્યું હતું. આ ઈસમના થેલા ખોલાવી ચેક કરતા અંદરથી ઈગ્લીંશ દારૂની નાની મોટી કુલ -૪૩ બોટલ કુલ કિ. ૧૮,૩૦૦ તેમજ મોબાઈલ ફોન કિંમત રૂ. ૨૦૦૦ સહિત જુદા જુદા દરની ચલણી નોટો મળી કુલ રૂ. ૧૨,૮૦૦ રોકડ મળી કુલ રૂ. ૩૩,૧૦૦ મુદ્દામાલ સાથે પકડી પાડી ડભોડા પોલીસ મથકના પીએસઆઈ એચ.જી.દેસાઈ એ કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

સર્વ જીવ પ્રત્યે સદભાવ અને પ્રાકૃતિક જીવનનો સંદેશ આપતી જૈન પરંપરામાં પર્યાવરણના જતનનું અનેરું મહત્વ છે. જેને અનુલક્ષીને ગાંધીનગરના સેકટર-૨૨ ખાતેના જૈન દેરાસર ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સેકટર-૭-ડીમાં કૂતરાઓનો આતંક

ગાંધીનગર, તા.૨૦

સેકટર-૭-ડીમાં રખડતા કૂતરાં આખલા-પશુઓનો ત્રાસ વધી ગયો છે. તાજેતરમાં રખડતા કૂતરાઓ પાંચથી સાત વ્યકિતઓને કરડી ગયેલ છે. વિશેષમાં રીંગરોડ ઉપર કૂતરાઓનો ત્રાસ પણ વધી ગયો છે. ચાલીને જનાર માણસો પર કે સાયકલ કે દ્વિચકી વાહનો પર કૂતરા હુમલો કરે છે. તેમજ શાળાએ જતા દ્વિચકી વાહનો લઈ જતા વિદ્યાર્થીઓ પર કૂતરાઓ ભસવા સાથે પીછો કરે છે આથી વિદ્યાર્થીઓ બેલેન્સ ગુમાવી દેતા પડવાનો ભય રહે છે. વસાહતીઓએ કોર્પોરેટરશ્રીને આ બાબતે રજુઆત કરેલ છે આથી આ અંગે સત્વરે જરૂરી કાર્યવાહી થાય તેમ વસાહતીઓ ઈચ્છી રહ્યા છે.

ચિલોડા સેવા કેન્દ્ર ખાતે હોમ ગાર્ડઝ સબ યુનિટ દ્વારા અટલજીને શ્રધ્ધાંજલિ

ચિલોડા, તા.૨૦

ગાંધીનગર તાલુકાના મુખ્ય પ્રવેશ દ્વાર સમા ચિલોડા પ્રજાપતિ બ્રહ્મકુમારી ઈશ્વરીય વિદ્યાલય ખાતે માન. સ્વ પૂર્વ પ્રધાનમંત્રીશ્રી અટલબિહારી વાજયપેયીજીના નિધન નિમિત્તે

ચિલોડા હોમગાર્ડઝ સબ યુનિટના જવાનોએ પ્રાર્થના અને બે મિનિટ મૌન પાળી તેમજ રાજયોગિની તારા દીદી દ્વારા શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જવાનોને વ્યસનમુકિત અને દુર્ગુણોને ત્યજવા શુભ સંદેશ સાથે જવાનોને રક્ષા પોટલી બાંધી નિઃસ્વાર્થ ભાવે દેશ અને સમાજની સેવા અંગેની તેમની કામગીરીને બિરદાવી હતી. આ પ્રસંગે જિલ્લા કમાન્ડન્ટ વી.આર. પ્રજાપતિ ડભોડા યુનિટના કમાન્ડિંગ ડી.એમ. પરમાર, ચિલોડા હોમ ગાર્ડઝ સબ યુનિટના ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.

પરિણિતાની પતિ-સાસુ સામે શારીરીક માનસીક ત્રાસની ફરિયાદ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ ખાતે વસવાટ કરતા અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અર્બન હેલ્થ સેન્ટરમાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર તરીકે ફરજ બજાવતા ડિમ્પલબેન મહેન્દ્રભાઈ બુમ્બડીયા દ્વારા સેકટર-૨૧ પોલીસ મથકે પતિ તેમજ સાસુ સામે શારીરીક અને માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી છે. ડિમ્પલબેનનો પતિ મહેન્દ્રભાઈ સોમેશ્વરભાઈ બુમ્બાડીયા અમદાવાદ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. છેલ્લા અઢી વર્ષથી પતિ મહેન્દ્ર તથા સાસુ શાન્તા બેન ઘરના કામકાજ અંગે તથા અન્ય શંકા કરીને જેમ ફાવે તેમ બોલીને શારીરીક તથા માનસિક ત્રાસ આપી રહ્યા છે. ગત તા.૧૮ ઓગસ્ટના રોજ પરિણિતા નોકરી પરથી ઘરે પહોંચ્યા તો તાળુ મારેલું હતું. પતિને ફોન કરતા મન ફાવે તેમ ગાળો બોલી હતી. જેથી પરિણિતા તેણીના બેનના ઘરે રોકાઈ હતી. તા.૧૯ ના રોજ પણ ઘરે તાળુ લટકતુ હતું. સોમવારના રોજ ઘરે આવતા પતિ તેમજ સાસુએ ગાળો આપી લાફા મારીને ઘરેથી ચાલ્યા જવાનું કહીને જાનથી મારી નાંખવાની ધમકી આપતા ડિમ્પલ બેને ૧૮૧ અભયમની મદદ લઈ સે-૨૧ પોલીસ મથકે પતિ તેમજ સાસુ સામે ફરિયાદ નોંધાવી છે.

ડીમ્પલબેનનો પતિ દારૂના નશામાં સેકટર-૨૧ પોલીસ મથકે પહોંચતા પોલીસને પીધેલો હોવાની જાણ થતા તપાસ કરતા દારૂની તીવ્ર ગંધ આવતી હતી. સેકટર-૨૧ પોલીસે મહેન્દ્ર સામે દારૂ પીવા અંગેનો કેસ પણ દાખલ કર્યો છે.

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજ રોજ મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની વર્ષોથી પડતર માંગણીઓનો સરકાર દ્વારા સ્વીકાર નહીં કરવામાં આવતા હજજારોની સંખ્યામાં એકઠા થઈને કર્મચારીઓએ જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી ઉગ્ર રજુઆત કરી હતી. તેમજ સત્યાગ્રહ છાવણી ખાતે ગાંધી ચિંધ્યા માર્ગે બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન ધરણા યોજી પોતાનો રોષ પ્રગટ કર્યો હતો. કર્મચારીઓનો મુખ્ય પ્રશ્ન સમાન કામ સમાન વેતનનો છે. જયારે મોટી સંખ્યામાં કર્મચારીઓ આવવાના હોવાથી સવારથી જ પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

રોડ નં. ૩ પર બે માસથી વીજપોલ બંધ હાલતમાં

ગાંધીનગર, તા.૨૦

રોડ નં. ૩ પર ચ-૩થી પથિકાશ્રમ ડેપોમાં જવાના રસ્તા પર સંખ્યાબંધ વીજપોલ બંધ છે. પરીણામે રાત્રે અંધકારમાં ભયજનક બિહામણું દેશ્ય ઉભું થાય છે. અસામાજિક તત્ત્વોને મોકળું મેદાન મળે છે. આ વીજપોલ છેલ્લા બે માસથી બંધ છે. સત્તાવાળાઓ સત્વરે વીજપોલ ઝળહળતા કરે તેવી લોકલાગણી છે.

વિદ્યાર્થીઓના સંપૂર્ણ વ્યકિતત્વને નિખારતી ફિનિશીંગ સ્કૂલ...!!

સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે ફિનિશીંગ સ્કૂલ અંતર્ગત વિદ્યાર્થીઓને એમ્લોઈબિલીટી તેમજ લાઈફસ્કીલની તાલીમ અપાઈ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના સેકટર-૧૫ ખાતેની સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે રાજય સરકારના શિક્ષણ વિભાગ પ્રેરિત 'સોફટ સ્કીલ ડેવલપમેન્ટ' કાર્યક્રમ અંતર્ગત ૫૦ કલાકના ફિનિશીંગ સ્કૂલ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. ફિનિશીંગ સ્કૂલ અંતર્ગત ભાગ લેનાર વિદ્યાર્થીઓને એમ્લોઈબીલીટી સ્કીલ તેમજ લાઈફસ્કીલની તાલીમ આપવામાં આવી હતી. જેના સમાપને યોજાયેલા કાર્યક્રમમાં પાંચ વિદ્યાર્થીઓને વિવિધ કેટેગરીમાં ઉત્કૃષ્ઠ પરફોર્મન્સ બદલ એવોર્ડ આપી સન્માનવામાં આવ્યા હતા.

ફિનિશીંગ સ્કૂલ એ વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક લાયકાત ઉપરાંત તેમના વ્યકિતત્વમાં છુપી રહેલી ક્ષમતાની ઓળખ કરાવી તેને નિખારવા સાથે વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો કરીને આગામી વ્યવસાયિક તથા સામાજિક જીવન ઉપરાંત રાષ્ટ્ર માટે પ્રતિભાશાળી નાગરિક બનવા તરફ દિશા ચિંધવાનું કાર્ય કરે છે. આ તાલીમ વિદ્યાર્થીઓના અધ્યયનને સ્ટેજ પણ ચલિત કર્યા વિના મળી રહે તે માટે કો-ઓર્ડિનેટર ડૉ. રાજકુમારી પારવાણીએ તકેદારી રાખીને નિયમિત સમયપત્રક સિવાયના સમયે તથા રજા અને રવિવારના દિવસે વર્ગોનું આયોજન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે 'ફિનિશીંગ સ્કૂલમાં વિદ્યાર્થીઓના બાહ્ય દેખાવ તથા વર્તનને નિખારવા સાથે આંતરિક મૂલ્યો પર પણ ભાર મુકવામાં આવ્યો હતો. જેથી વિદ્યાર્થીઓનું સંપૂર્ણ વ્યકિતત્વ ખીલી શકે અને જીવનમાં કપરી પરિસ્થિતિઓનો પણ તેઓ સામનો કરી શકે.'

ફિનિશીંગ સ્કૂલમાં એવોર્ડ વિજેતાઓ

- લિડરશીપ એવોર્ડ - રુચિત પરમાર
- બેસ્ટ ગ્રૂમ્ડ સ્ટુડન્ટ - આનલ મૈત્રેય
- બેસ્ટ પરફોર્મન્સ ઈન ઈન્ટરવ્યુ - શુભાંગી ભટ્ટ
- બેસ્ટ એથિકસ એન્ડ વેલ્યુઝ - હાર્દિક રાઠોડ
- બેસ્ટ મોટિવેશનલ - નિકુંજ જોષી

ફિનિશીંગ સ્કૂલના સમાપન પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કે.જી. છાયાએ વિદ્યાર્થીઓને આ તાલીમ થકી દેશના ઉત્તમ નાગરિક બની કોલેજ તથા શહેરનું નામ રોશન કરવા શુભેચ્છા પાઠવી હતી તેમજ આ પ્રકારની તાલીમના આયોજન માટે રાજય સરકાર પ્રત્યે પણ આભાર વ્યકત કર્યો હતો. આ તાલીમના અંતે એવોર્ડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી નિકુંજ જોષીએ પ્રતિભાવ આપ્યો હતો કે 'આ તાલીમથી મારા આત્મવિશ્વાસનો ખૂબ વધારો થયો છે અને પહેલા હું સ્ટેજ પર ઉભા રહેતા પણ ડરતો હતો જયારે હવે સ્ટેજ પરથી સંબોધન કરી શકું છું.' આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને તાલીમ આપનાર ટ્રેનર દિશા પોપટ પણ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. વિદ્યાર્થીઓએ ફિનિશીંગ સ્કૂલના સમાપને કેક કટીંગ કરી ઉજવણી કરી હતી.

સે-૭-સીની નવરાત્રિ નિમિત્તે ગુરુવારે બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૦

સેકટર-૭-સી નવરાત્રિ મહોત્સવ સમિતિ દ્વારા આગામી નવરાત્રી ઉત્સવના આયોજન અંગે તથા સમિતિના હોદ્દેદારોની વરણી અંગે તા. ૨૩મી ઓગસ્ટે રાત્રે સાડા આઠ વાગે શિવશકિત મંદિર ખાતે વાર્ષિક સાધારણ સભા યોજાશે. જેમાં સેકટર-૭-સીના વસાહતીઓએ હાજર રહેવા મહામંત્રી તળજાભાઈ દેસાઈએ જણાવેલ છે.

ચિરવિદાય

- સ્વ. ડાભી તખુબેન બાદરજી, ઉ.વ. ૭૦
- સ્વ. જાદવ વિજયકુમાર સેંધાજી, ઉ.વ. ૨૫